R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 32 DATE: 11-08-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## તામિલનાડુની રાજનીતિમાં 'થલાઇવર'કરુણાનિધિને લાખો લોકોએ અંતિમ વિદાય આપી :મરીના બીચ ખાતે દફનવિધિ

તામિલનાડુની દ્રવિડ રાજનીતિનો ચમકતો સિતારો એવા કરુણાનિધિનુ ૯૪ વર્ષ નિધન થયું.રાજ્યમાં પાંચ વાર મુખ્યમંત્રી રહી ચુકેલા કરુણાનિધિ ડીએમકેના સુપ્રીમો હતા.તેમની અંતિમ વિધિ મરીના બીચ ખાતે કરવામાં આવી હતી. જો કે મરીના બીચ પર તેમની અંતિમ વિધિ માટે કોર્ટે નિર્ણય કર્યા બાદ તેમ કરવા દેવામાં આવ્યુ હતું.

તેમની અંતિમ યાત્રાનું નેતૃત્વ તેમના પુત્ર અને રાજકીય વારસ સ્તાલિને કર્યુ હતું. તેમની અંતિમ યાત્રામાં દેશના અગ્રણી રાજનેતાઓ હાજર રહ્યા હતા.તેમની અંતિમ યાત્રામાં લાખો લોકો જોડાયા હતા.લગભગ ૨.૪ કી.મી.લાંબી સડક પર પર માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

મરીના બીચ ખાતે આવેલી



સ્વ.અન્નાદુરાઈની સમાધિની બાજુમાં પરિવાર,રાજકીય અને સામાજિક અગ્રણીઓ તથા અસંખ્ય ડીએમકેના સમર્થકોની હાજરીમાં તેમની દફનવીધિ સંપન્ન કરવામાં આવી હતી.અન્નાદુરાઈ કરુણાનિધિના રાજકીય ગુરુ હતા.

જો કે કરુણાનિધિના નિધન બાદ તામિલનાડુના બે શક્તિશાળી ગણાતા રાજકીય નેતાઓના સ્વર્ગવાસ થયા છે. પહેલા તામિલનાડુંના અમ્મા ગણાતા રાજકીય નેતા જય લલિતાનું નિધન થયુ હતું ત્યારબાદ કરુણાનિધિ.

## પર્સનલ ડેટા એકત્ર અને શેયર કરવા માટે નાગરિકની સહમતી ફરજીયાતઢ જસ્ટીસ શ્રીકૃષ્ણા પેનલે તેની ભલામણો સરકારને સુપ્રત કરી

વિશ્વમાં અંગત માહિતીના દુરપયોગના બનાવો સામાન્ય બની ગયા છે.અને વિશ્વની સરકારોએ ડેટા બ્રીચ સામે બાંયો ચઢાવી છે.ત્યારે સુપ્રીમ કોર્ટના પુર્વ જજ બી.એન.કૃષ્ણાના વડપણ હેઠળની નિયુક્ત પેનલે દેશમાં પહેલી વાર નાગરિકોને પ્રાઈવસીનો અધીકાર આપતાં પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ ૨૦૧૮ મુસદ્દા ખરડાને સરકારને સોપીં દીધો હતો.જે ટુંક સમયમાં લોકસભામાં રજુ કરવામાં આવશે.આ ખરડો ભારતનો પહેલો ડેટા પ્રાઈવસી કાયદો બની રહેશે.જસ્ટીસ શ્રીકૃષ્ણની પેનલે લગભગ એક વર્ષની લાંબી કવાયત બાદ આ ખરડો તૈયાર કર્યો છે.પેનલે ભારતીય નાગરિકોની અંગત માહિતીની સુરક્ષા,ભુમિકા અને ડેટા પ્રોસેસર્સની ફરજો માટે વિવિધ ભલામણો કરી છે. કાયદાની જોગવાઈઓ નું ઉલ્લંઘન કરનારી કંપનીઓ પર આકરા દંડ લાદવાની ભલામણ પણ પેનલ દ્વારા કરવામાં આવી છે.

જસ્ટીસ બી.એન.શ્રીકૃષ્ણા પેનેલ જણાવ્યુ હતું કે નાગરિકની જાતિ,ધર્મ, રાજકીય માન્યતા, સેકસની પસંદગી અને પ્રાથમિકતા, આધાર કાર્ડમાં સમાવાતો બાયોમેટ્રીક ડેટા અને ટેકસ અંગેની માહિતી અત્યંત સંવેદનશીલ પર્સનલ ડેટા છે.અને તેનો સ્પષ્ટ સહમતી સિવાય ઉપયોગ થયો જોઈએ નહીં.ખરડામાં પર્સનલ ડેટા પ્રોસેસીંગની જોગવાઈના ઉલ્લંઘન માટે સરકાર સહિત કોઈપણ ડેટા એકઠો કરતી કંપનીને રુપીયા ૧૫ કરોડથી તેના વિશ્વવ્યાપી ટર્નઓવરના ૪ ટકા જેટલી રકમનો દંડ કરવાની જોગવાઈ કરાઈ છે.પેનલનું માનવું છે કે આ પ્રકારનો કાયદો નાગરિકની પ્રાઈવસીનું ઉલ્લંઘન કરતાં અટકશે અને નાગરિકની પ્રાઈવસીનું રક્ષણ કરશે.સ્વાયત્તતા સુનિશ્ચિત કરશે,વિકાસ પામી રહેલા ડેટા ઈકો સિસ્ટમ માટે ડેટાની પરવાનગી આપશે અને મુક્ત તથા ન્યાયી ડીજીટલ અર્થતંત્રનું નિર્માણ કરશે.ડેટા પ્રોસેસીંગની આકરી જોગવાઈઓમાંથી સરકારને બાકાત રાખવામાં આવી છે.ભલામણ સરકારને બંધનકર્તા નથી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સુપ્રીમ કોર્ટમાં નવા નિમાયેલા જજ જોસેફની સિનીયોરીટી સાથે ચેડાં કરતાં સરકાર સામે સુપ્રીમ કોર્ટના જજો નારાજ થયા

કેન્દ્ર સરકારે અગાઉ સુપ્રીમ કોર્ટના જસ્ટીસ તરીકે તદે.એમ. જોસેફની નિયુક્તિને ફગાવી હતી. કોલેજીયમે ફરી તેમના નામની ભલામણ કરતાં આખરે તેમની સુપ્રીમ કોર્ટમાં નિયુક્તિ કરવી પડી.પરંતુ તેમની સુપ્રીમના જુનિયર જસ્ટીસ તરીકે નિયુક્તિ થતાં કોર્ટના જજોની છાવણીમાં નારાજગી સર્જાઇ છે.સરકારના નોટિફીકેશન મુજબ જોસેફની અન્ય બે જજો જસ્ટીસ ઈન્દીરા બેનરજી અને વિનીત સરણના જુનિયર તરીકે નિમણુંક કરાઈ છે.આને કારણે જસ્ટીસ ગ્રુપમાં અસંતોષ વ્યાપ્યો છે. સરકારે જોસેફની સિનિયોરીટીને બદલતાં કેટલાક જજો નારાજ થયા છે.કેન્દ્ર સરકારે સિનિયોરીટી સાથે કરેલા ચેડાનો વિરોધ કરવા માટે તેઓ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયાને મળીને રજુઆત કરવા વિચારી રહ્યા છે.જજોની નિયુક્તિમાં આ પ્રકારની સરકારની દખલગીરીને જજોએ ગેરવાજબી અને અન્યાયી ગણાવી હતી.

એક જજે ટીવી ચેનલ પર કહ્યુ હતું કે આ સરકાર દ્વારા કોર્ટના મામલામ` ખુલ્લેઆમ દખલગીરી છે. જસ્ટીસ જોસેફનું નામ કોલેજીયમ દ્વારા ઘણું વહેલું અને સૌથી પહેલાં રજુ કરાયું હતું. આથી નિયુક્તિના નોટીફીકેશનમાં તેમનુ નામ સૌથી પહેલુ હોવું જોઈતું હતું.તેમનું નામ ત્રીજુ મુકીને અન્ય બે જજોને તેમના સીનીયર બનાવી દેવાયા છે.આમેય જસ્ટીસ જોસેફની સુપ્રીમમાં નિયુક્તિ અંગે ઘણા લાંબા સમયથી જંગ ચાલતો હતો.સરકારે તેમના નામની અગાઉની ભલામણને ફગાવી દીધી હતી. કોલેજીયમ દ્વારા તેમના નામની ફરી ભલામણ કરવામાં આવતાં સરકારે તેને સ્વીકારવાની ફરજ પડી છે.

ભુતકાળમાં એનડીએ સરકારે લીધેલા કેટલાક પગલાંની વિરુધ્ધ જોસેફ જજમેન્ટ આપ્યા હતા તેના કારણે એનડીએની સરકાર તેનો બદલો લેવાના હેતુથી તેમને નિયુક્તિ આપવામાં કાગારોળ કરતી હતી.કોલેજીયમ પર પણ વારંવાર તેમણે હુમલા કર્યા પરંતુ તેમાં ફાવ્યા નહીં અને આખરે જોસેફને નિયુક્તિ આપવી પડી પરંતુ જેમની પાસે કોઈપણ રીતે તેમને કનડગત કરવાની વૃત્તિ હતી તેમણે આખરે સીનીયોરીટી માં તેમને ડંખ્યા છે.

## સુપ્રીમમાં જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતાં આર્ટીકલ ૩૫ની સમીક્ષા : કાશ્મીરમાં તેનો જડબેસલાક વિરોધ

બંધારણના આર્ટીકલ ૩૫એને રદ કરવાની માંગ કરતી અરજીઓની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં હાથ ધરવામાં આવનાર છે.પરંતુ તે પહેલાં કાશ્મીર ખીણમા અલગતાવાદીઓ દ્વારા અપાયેલા બે દિવસના બ`ધના એલાનને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું હતું.હડતાલને પગલે કાશ્મીરમાં બજારો બંધ રહ્યા હતા.બિઝનેસ સંસ્થાનો બંધ રહ્યા અને સડક પરથી તમામ વાહનો અદ્ર્શ્ય થઈ ગયા હતા.રેલ્વેએ બે દિવસ માટે ટ્રેન સેવાઓ સ્થગતિ કરી દીધી હતી.

છેલ્લા ૩૦ વર્ષના ઈતિહાસમાં પહેલી વાર શ્રીનગરમાં ઓટોરીક્ષાઓ બંધ રહી હતી.દાલ સરોવરમાં શિકારા બંધ રાખવામાં આવ્યા હતા.સમગ્ર કાશ્મીરમાં સંવેદનશીલ સ્થળો એ સુરક્ષાદળો ખડકી દેવાયા હતા.સ્થાનિકોમાં સુપ્રીમમાં ચાલનારી સુનાવણી અંગે ભય પ્રવર્તી રહ્યો છે.શિકારા માલિક જાવેદ અહેમદના જણાવ્યા મુજબ અમારો વિશેષ દરજ્જો છિનવાઈ જશે તેયો ભય જનતામાં છે.તેમને ભય છે કે બહારના લોકો માટે અમારી જમીનો અને સંપત્તિ ખરીદવાનો માર્ગ ખુલ્લો થઈ જશે.

ગુપ્તચર એજન્સીઓએ ચેતવણી ઉચ્ચારી છે કે જો સુપ્રીમ કોર્ટે દ્વારા આર્ટીકલ ૩૫એની વિરુધ્ધમાં ચુકાદો અપાશે તો રાજ્યના પોલીસદળમાં બળવો સર્જાઈ શકે તેમ છે.અને રાજ્યમાં વ્યાપક અંધાધુંધી સર્જાવાની સંભાવના છે.સુપ્રીમનો ચુકાદો પોલીસ દળમાં વિપરિત પરિણામો લાવી શકે છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તામીલનાડુના રાજકારણના ધુરંધર નેતા એમ.કરુણાનિધિ ની વિદાયથી રાજ્યના બે મહાન હસ્તીનો વિલય થયો છે. જયલલિતા તેમના જેવા જ એક મહાન નેતાઓ પૈકીના હતા જેમની તામિલનાડુની પ્રજા પર પોતાની આગવી પકડ હતી.૧૯૬૯માં પ્રથમવાર તેઓ તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા અને ત્યાર બાદ સતત પુરા પાંચ દાયકાઓ સુધી રાજ્ય અને રાષ્ટ્રના રાજકારણમાં છવાયેલા રહ્યા.તેમના નિધનથી દ્રવિડ રાજકારણના એક ઐતિહાસિક યુગની સમાપ્તિ થઇ છે.તેઓ સંપુર્ણપણે નાસ્તિક હતા. પરંપરાગત ભારતીય હિન્દુવાદી પરંપરાઓને તેમણે હંમેશા નકારી હતી. જ્યારે રિવાજો કે પરંપરાની વાત નીકળે ત્યારે તેઓ હંમેશા તેને ધાર્મિક દષ્ટિએજ મુલવવામાં આવે છે.કરુણાનિધિનું અવસાન થયું અને તેમનું સ્મારક કે સમાધિ બનાવવાનો રીવાજ તેમના અનુયાયીઓએ પાળ્યો છે.આ માટે તેઓ હાઈકોર્ટમાં કાનુની લડાઈ લડ્યા અને વિજય મેળવ્યો.

તામિલનાડુમાં છેલ્લા પાંચ દાયકાઓમાં દ્રવિડ રાજકારણના સ્તંભો મનાતા એવા ચાર નેતાઓ પૈકી અણ્ણાદુરાઈ,કરુણાનિધિ, એમ.જી.રામચંદ્રન અને જયલલિતાના નિધન પછી હવે બંને દ્રવિડ પક્ષોમાં જે નવી નેતાગીરી આવી છે તેનો પ્રભાવ ભુતકાળના નેતાઓ જેવો પ્રભાવશાળી રહેશે કે કેમ તે કહેવુ અત્યારે શક્ય નથી પરંતુ આ પ્રભાવ રાષ્ટ્રીય સ્તરે તેટલો પ્રભાવશાળી નહી બને તેવું ભાસે છે.

કદાચ અમ્માના અવસાન બાદ તેમના વારસદારો અને સમર્થકો વચ્ચે જે ગજગ્રાહ ચાલ્યો તેનો ઈતિહાસ તાજો છે પ રંતુ આજ બાબત કરુણાનિધિના વારસો અને સમર્થકો વચ્ચે કદાચ ઈતિહાસ દોહરાવે તેવું બને. જો કે કરુણાનિધિએ તેમના વારસ તરીકે સ્તાલિનને તેમની હયાતીમાંજ ઘોષિત કરી દીધા હતા.તેથી ચિત્ર સાફદેખાય છે પરંતુ વારસા માટે લડાઈ શક્ય છે તેમાં હાલમાં કઈ કહી શકાય નહીં. ભાજપ પોતાનો પગદંડો જમાવવા માટે તકનો અવશ્ય લાભ લે વા પ્રયત્ન કરશે .


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ એ એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# આપણી શાળાઓમાં પણ આવી તાલીમ અપાય તો ?

અમેરિકાની બસોમાં અને ટ્રેનોમાં પીક અવર્સ દરમીયાન ખાસી ભીડ હોય છે.પ્રવાસીઓ ઉભા ઉભા મુસાફરી કરતા હોય એવા દ્રશ્યો વારંવાર જોવા મળે છે.ઓફિસો શરૂ થવાનો કે છુટવાનો સમય હોય ત્યારે હું અને મારા પત્ની ટ્રેનમાં કે બસમાં પ્રવેશીએ ત્યારે અચુક એક આનંદપ્રદ અનુભવમાંથી પસાર થવાનું બને.અમને જોઈને પાંચ સાત યુવક-યુવતીઓ પોતાની સીટ પરથી ફટાફટ ઉભા થઈ જાય અને પોતાની જગા પર સ્થાન લેવા અમને ઈશારો કરે. આવો અનુભવ અન્ય ઘણા દેશોમાં અમને થયો છે. ટ્રેન કે બસમાં મુસાફરી કરતી યુવાપેઢી તોફાન કરે,ગાળો બોલે,ગંદા જોકસ સંભળાવે અને સહપ્રવાસીઓને રંજાડે એવું દ્રશ્ય કદી જોવા મળતું નથી. દર દસે ત્રણ પ્રવાસીઓના હાથમાં વાંચન સામગ્રી હોય છે.અને તેઓ ધ્યાનથી એમાં ડુબેલા જોવા મળે.સ્ટેશન આવે ત્યારે ઉતરનારા પ્રવાસીઓ ઉતરી ગયા બાદ જ બહારના મુસાફરો ક્યુમાં એક પછી એક બસમાં કે ટ્રેનમાં દાખલ થાય. અમેરિકાની બસોમાં કંડકટર હોતા નથી. ડ્રાઈવરની જમણી બાજુએ બોકસ હોય તેમાં નિર્ધારિત ભાડુ ચુકવીને બસમાં બેસી જવાનું.કદી કોઈ ડ્રાઈવરે હાથમાં પૈસા લઈને ખીસામાં મુક્યા હોય એવું બન્યું નથી.અરે ડ્રાઈવર કે મુસાફર એવી ગોઠવણી કરવાની કલ્પના કરવાથી પણ ધ્રુજે. જાહેર માર્ગો પર કે શેરીઓના નાકે ટપોરીઓ જતી આવતી છોકરીઓની કે યુવતીઓની છેડતી કરતા હોય એવું દ્રશ્ય પણ અંહી દુર્લભ. બેંકોમાં, સરકારી કચેરીઓમાં, રેસ્ટોરાંમાં અને શોપીંગ મોલમાં આપણને સ્મિત સાથેની સેવા મળે અને જતી વખતે થેન્ક યું સાંભળવા મળે. આ બધી જ સેવાઓ વિના વિલંબે પ્રાપ્ત થાય છે. રોન્ગ સાઈડ પર વાહન ચલાવતાં પરાક્રમી છોકરા-છોકરીઓ કે સ્ત્રી પુરુષો અંહી કદી જોવા ન મળે.ખોટી જગ્યાએ વાહન પાર્ક કરે એ મર્યો સમજો.અહીં કાર કોણે પાર્ક કરી છે,એવી બુમો પાડતો પાડતો પોલિસ ઓફિસર તમને શોધવા ન નીકળે.સો ડોલર્સની પેનલ્ટીની ટિકીટ તમારી કારના લલાટે ચોંટાડીને એ ચાલ્યો જાય.તમારે કોઈ દલીલ વગર, રકઝક વગર કે ભ્રષ્ટ પ્રધાનની ધમકી આપ્યા વગર વાંકા વળીને દંડ ભરી દેવાનો.ફરજ પરના પોલિસ અધિકારી પર હુમલો કરવાની સજા ખુબ ભયાનક છે.પ્રજાના પૈસે થોડે થોડે દાડે, અમેરિકા,કેનેડા કે ઓસ્ટ્રેલીયા દોડી જતા પ્રધાનો અને સાંસદો ને આ બધી ખબર હશે જ ને ?

બાળકોને અને યુવા પેઢીને સંસ્કાર આપવાનું તથા શિષ્ટાચાર અને સદાચાર શીખવવાનું કામ પરિવારોનું અને શૈક્ષણિક સંસ્થાઓનું છે.અમેરિકામાં આ ફરજ બજાવવામાં કેટલાક પરિવારો ઉણા ઉતરે છે. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓ પુરી નિષ્ઠાથી સજાગપણે આ ફરજ બજાવે છે.મારી પૌત્રી ન્યુજર્સી સ્ટેટની પબ્લીક સ્કુલમાં ચોથા ધોરણમાં ભણે છે. શાળાનું નામ જ એમ.કે.ગાંધી એલિમેન્ટરી સ્કુલ છે. વિદ્યાર્થીઓને જે ઓળખપત્રો અપાયા છે તેના પર સ્કુલનું નામ મહાત્મા ગાંધી સ્કુલ એ રીતે દર્શાવાયું છે. શાળાને નામ આપવામાં દુંરદેશી દાખવીને સ્કુલ બોર્ડે સંસ્કાર અને મુલ્યોનું સિંચન કરવાનો પ્રયત્ન કર્યો છે. શાળાની વાલી સભામાં હાજરી આપવાની મને તક મળી. મે શિક્ષકોને પુછયું, આપની શાળાનું વિઝન અને મિશન શું છે ? એમણે એક જ વાક્યમાં ઉત્તર આપ્યો, રાષ્ટ્ર અને વિશ્વ માટ શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવા, અહીં બાળકોને જીવનલક્ષી કૌશલ્યો શીખવા પર ભાર મુકાય છે.વ્યક્તિનું સ્વાતંત્ર્ય હણાય નહીં તેની કાળજી રાખવામાં આવે છે.એડમિશન પેટે,ફી પેટે ડોનેશન પેડે બાળકો કે વાલીએ એક પણ પૈસો આપવાનો નથી.યુનીફોર્મ વાજબી ભાવથી શાળામાંથી અપાય છે.નાસ્તો,જ્યુસ,સોફ્ટ ડ્રીંકસ બધું શાળા તરફથી અપાય છે. જે માટે કોઈ ફી ભરવાની હોતી નથી.શિક્ષકો ટ્યુશન કરતા નથી.અને વિદ્યાર્થીઓને ટ્યુશન આવવા દબાણ નથી કરતા.વિદ્યાર્થીઓને વિષયોનું શિક્ષણ આપતી વખતે વ્યવહાર,જીવનલક્ષી તાલીમ પણ આપવામાં આવે છે.

દેશને માટે શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવાનો અર્થ છે,બાળકો કાયદાને માન આપે, સૌની સાથે માનવતાપુર્ણ વ્યવહાર કરે તથા પરિવાર જીવનને સર્વોચ્ચ મહત્વ આપે.અહીં વીક એન્ડનો મહીમા અપરંપાર છે.શનિ-રવિ બાળકોને પેરેન્ટ્સ સાથે રહેવાની અને જીંદગીનો આનંદ માણવાની તક મળે છે.અહીં વૈયક્તિકતાનું ગૌરવ સચવાય છે.વ્યક્તિ પર સમાજ હાવી થઈ જાય એવું મહદ અંશે બનતું નથી.અમેરિકામાં બાળકોને નીતિ અને મુલ્યોની તાલીમ શાળા,કોલેજો અને યુની. મળે છે.પરિવારોએ એ વિશેષાધિકાર ગુમાવી દીધો હોવાનું દીસે છે.અંહી સવત્ર બધું જ સારું છે. એવું કહેવાનો ઈરાદો નથી. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓની ભુમિકા આખી દુનિયાને અને વિશેષ કરીને ભારતને પ્રેરણા બક્ષે તેવી છે.ભારતમાં વિદ્યાર્થી અવસ્થામાં બાળકો અને યુવા પેઢી જે પામે છે , જે મેળવે છે તેનું મુલ્યાંકન કરવામાં આવે તો અહીં નિર્દેશેલી બધી વાતોના પુરાવા સાંપડવાની સંભાવના છે. બોર્ડમાં અને યુની. પરિણામો જાહેર કરતી વખતે જે ગેરરીતીઓ આપણા ધ્યાન પર આવે છે તે શું સુચવે છે ? આપણે આત્મવંચનામાંથી બહાર નીકળીએ તો એ આપણા હિતમાં હશે

-વિશ્વામિત્ર(સૌ.સંદેશ)

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# વનબંધુ સશક્તિકરણ માટે સંકલ્પબધ્ધ રાજ્ય સરકાર

## મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રુપાણીએ આદિજાતિ વિકાસ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો

## વનબંધુ સશક્તિકરણ માટેના નક્કર પગલાં

. વનબંધુ કલ્યાણ યોજના : આદિજાતિ વિકાસ માટે રૂ.૮૨,૦૦૦કરોડની ફાળવણી

. પેસા એક્ટની જોગવાઇઓનો સઘન અમલ : આદિજાતિ સમાજને જંગલની મુળ જળ-જમીન અને ગૌણ પેદાશોના એકત્રીકરણના અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ

.આદિવાસીઓના બંધારણીય અધિકારોનું રક્ષણ કરતા જાતિ પ્રમાણપત્ર માટેને કાયદો તા.૨૮-૩-૨૦૧૮ના રોજ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો.

. ગુણવત્તાસભર શિક્ષણ માટે ૯૧ એકલવ્ય શાળાઓ : ૩૦,૧૭૨ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ

. આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તા યુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનીવરસીટી (રાજપીપળાખાતે) સ્થાપના કરી છે.

. આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદીવાસી વિશેના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝીયમ ગરુડેશ્વર, રાજપીપળા ખાતે ૪૦ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે.

. સમરસ હોસ્ટેલ : ૭ મહાનગરોમાં કોલેજકક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૦,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ

. મેડીકલ-ઇજનેર અભ્યાસ માટે આદિજાતિના ૫૮૬૬ વિદ્યાર્થીઓને ખાસ કોચીંગ : ચાલુ વર્ષમાં ૧૮૮૧ વિદ્યાર્થીઓને મેડીકલ પ્રવેશ

## આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબધ્ધ

નીતિનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી,ગુજરાત

# એસ.સી,એસ.ટીને અન્યાય,બઢતીમાં અનામત જરુરી : કેન્દ્ર

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ છે કે દેશમાં અનુસુચિત જાતિ અને જનજાતિના લોકોને છેલ્લા ૧૦૦૦વર્ષથી અન્યાય થઇ રહ્યો છે અને તેમના ઉત્થાન માટે પ્રમોશનમાં પણ અનામત હોવી જરુરી છે.સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ દિપક મિશ્રા, જસ્ટીસ કુરીયન જોસેફ, જસ્ટીસ આર.એફ.નરીમાન, જસ્ટીસ સંજય કિશન અને જસ્ટીસ ઇન્દુ મલ્હોત્રાની બેન્ચ સમક્ષ સુનાવણી દરમિયાન દલીર કરતાં એટર્ની જનરલ વેણુ ગોપાલે કહ્યુ કે નાગરાજ મામલામાં સુપ્રીમ કોર્ટમાં બંધારણીય બેન્ચના ચુકાદાની જરુર છે.વેણું ગોપાલે કહ્યુ કે જો દલિતો અને આદિવાસીઓને સરકારી નોકરીઓમાં પ્રમોશનમાં અનામત ન આપવામાં આવે તો તેનાથી સુધારાનો ઉપાય ખોટો આભાસ બનીને ર હી જશે.સુપ્રીમ કોર્ટે સરકારને સવાલ કરતાં કહ્યુ કે કોઇપણ રાજયમાં સરકારી સ્તરે અલગ અલગ કેડરમાં દલિતો-આદિવાસીઓના ઓછા લોકોની હાજરીને સમુચિત સ્તરે લાવવાની કોશીશ કેમ થતી નથી ?આ સવાલના જવાબમાં સરકારે એવી દલીલ કરી હતી કે આ આંકડા ઉપર નીચે થતો રહે છે.નોકરી દરમિયાન લોકો રિટાયર થતાં રહે છે.ખાલી જગ્યાઓને એકાએક ભરી શકાતી નથી. ઉલ્લેખનીય છે કે સુપ્રીમની બંધારણીય બન્ચે સરકારી નોકરીઓમાં પદોન્નિત માટે ક્રીમીલેયર મામલે એસસી-એસટી અનામત મુદ્દે પોતાન જ ૧૨ વર્ષ જુના ચુકાદાની હાલ સમીક્ષા કરી રહી છે.બેન્ચે એ અંગે પણ વિચારણા કરી રહી છે તે આ કેસની પુનઃ વિચારણાય માટે સાત જજોની બેન્ચની જરુર છે કે કેમ ?

એમ.નાગરાજ વિરુધ્ધ કેન્દ્ર સરકારના મામલામાં એસસી-એસટીને બઢતીમાં અનામત આપવાના કાનુનને કોર્ટે યોગ્ય ઠેરવ્યો હતો. જો કે તેણે એમ કહ્યુ હતુ કે આ પ્રકારની અનામત આપતાં પહેલા સરકારે પછાતપણા અને સરકારી નોકરીમાં પ્રતિનિધિત્વના આંકડા એકત્ર કરવા પડશે.આ ચુકાદાને કારણે તમામ રાજયોમાં એસસી-એસટીની બઢતીમાં અનામત આપવાના કાયદા રદ થતા રહ્યા છે.તાજેતરમાં બિહાર,મધ્યપ્રદેશ અને ત્રિપુરામાં આવું થઇ ચુક્યું છે.જસ્ટીસ નરીમાને સવાલ કર્યો તો તેના પ્રત્યુત્તરમાં એટર્ની જનરલે કહયું કે આ મામલો પુરતા પ્રતિનિધિત્વનો નથી.જેમ ૧૦૦માંથી ૨૩ નોકરી એસસી-એસટીને અપાય છે.એ જ રીતે ઉચ્ચ પદો પર બઢતી પણ આપવી જોઇએ. અમે ઇચ્છીએ છીએ કે ઉચ્ચ પદો પર આ સમુદાયને ઉચિત પ્રતિનિધિત્વ મળી રહે.

# સોશ્યલ મીડીયા હબની રચના નહીં કરાય : કેન્દ્ર સરકાર

દેશના નાગરિકોના સોશિયલ મીડીયામાં ડોકિયું કરવાના સરકારના પ્રયાસો સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરતાં હવે કેન્દ્ર સરકારે પીછેહઠ કરવાનો નિર્ણય લીધો છે.થોડા સપ્તાહ પહેલાં સરકારે ઓનલાઇન ડેટા પર નિયંત્રણ લાદવા માટે સોશ્યલ મીડીયા કોમ્યુનીકેશન હબની રચના કરવાનો પ્રસ્તાવ મુક્યો હતો.સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરતાં જણાવ્યુ હતુ કે સરકાર દરેક નાગરિકના સોશ્યલ મીડીયામાં ડોકિયું કરી દેશને સર્વેલન્સ સ્ટેટ બ નાવી દેવા માંગે છે. સરકારના આ નિર્ણયને તુણમુલ કોગ્રેસના ધારાસભ્ય મહુઆ મોઇત્રાએ પડકાર આપતાં સુપ્રીમ કોર્ટે સરકારને નોટીસ પાઠવી હતી.પરિણામે સરકારે આ બાબતમાં પીછેહઠ કરી હતી.

ઇટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી.

# જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# સરકાર મીડીયાને ધમકાવી રહી છે : કોગ્રેસનો સંસદમાં આક્ષેપ

કોગ્રેસે લોકસભામાં આક્ષેપ કર્યો હતો કે શાસનની ટીકા કરતી સ્ટોરીઝનું પ્રસારણ કરવા બદલ સરકારના દબાણથી એક અગ્રણી ચેનલના એક સિનિયર એક્ઝિક્યુટીવ અને અન્ય બે સ્ટાફે રાજીનામું આપ્યું છે.જો કે માહિતી પ્રસારણ મંત્રી રાજવર્ધનસિંહ રાઠોડે આ આક્ષેપને નકારી કાઢ્યો હતો.તેમણે કહ્યુ હતું કે ચેનલના આંતરિક મામલા સાથે સરકારને કોઇ નિસ્બત નથી.અને વિરોધ પક્ષની પાસે ગૃહમાં ઉઠાવવા માટે કોઇ મુદ્દો નથી તેથી આ મામલો છેડી રહ્યો છે.પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતાં ખડગેએ આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાન મોદી સાથેની ચર્ચા પોતાની આવક બમણી થઇછે તેવી છત્તીસગઢની એક ખેડુત મહિલાના દાવાનો રોયલ્ટી ચેક હાથ ધરાયા બાદ સરકારના દબાણને કારણે ચેનલમાં ૧૪ વર્ષ સુધી સેવા આપનાર એક્ઝીક્યુટીવને રાજીનામું આપવાની ફરજ પડી છે.કોગ્રેસ નેતાએ વિપક્ષમાં આક્ષેપ કર્યો હતો કે આ કમનસીબ બાબત છે કે મીડીયાને તેની ફરજ અદા કરવા બદલ નિશાન બનાવવામાં આવી રહ્યું છે.

# દેશની કરુણ સ્થિતિમાં લોકો મુક્તપણે બોલી પણ શકતાં નથી : બોમ્બે હાઇકોર્ટ

રેશનાલિસ્ટ નરેન્દ્ર દાભોલકર અને ગોવિંદ પાનેસરની હત્યાના કેસમાં તપાસ કરી રહેલી કેન્દ્રીય અને રાજ્યની એજન્સીઓની આકરી ટીકા કરતાં બોમ્બે હાઇકોર્ટે જણાવ્યુ હતું કે દેશમાં કોઇપણ મુક્તપણે બોલી કે હરીફરી ના શકે તેવી કરુણ સ્થિતિમાંથી પસાર થઇ રહ્યો હોવા છતાં સત્તાવાળાઓના પેટનું પાણી હાલતું નથી.હત્યાની તપાસમાં નક્કર પ્રગતિ પણ સધાતી નથી.

જસ્ટીસ ધર્માધિકારી અને ભારતી ડાંગરેની બનેલી બેન્ચે તપાસથી પોતે સંતુષ્ટ ના હોવાનું જણાવીને મહારાષ્ટ્ર સીઆઇડી અને સીબીઆઇ દ્વારા રજુ થયેલા ખાનગી અહેવાલને પરત સોંપતાં કહ્યુ હતું કે આ અહેવાલમાં કાંઇ ગોપનીય નથી.

ડાભોલકરા સવારે ફરવા નીકળ્યા હતા ત્યારે ૨૦ ઓગષ્ટ ૨૦૧૩ના રોજ તેમની હત્યા થઇ હતી. પાનસરે પર ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ ગોળીબાર થયો હતો અને સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.ડાભોલકરના કેસમાં સીબીઆઇ અને પાનસરે હત્યા કેસમાં રાજ્યની સીઆઇડી તપાસ કરી રહી છે. આ બંને કેસમાં કોર્ટની નજર હેઠળ તપાસ કરવાની માંગણી સાથે કુટુંબીજનોએ કરેલી અરજીની સુનાવણી કરી રહેલી બેન્ચે જણાવ્યુ હતું કે તપાસથી કોર્ટને સંતોષ નથી.કેસની તપાસ કરી રહેલા અધિકારીઓ તપાસમાં જરાપણ સંવેદના દાખવી નથી રહ્યા. જો કે કોર્ટની વારંવાર ટકોર છતાં એજન્સી બરાબર કામ કરતી ન હોવા છતાં કોર્ટ હવે મજબુર બની છે.

# ગુજરાતમાં આ વર્ષથી ૧૫ થી ૨૧ ઓક્ટો શૈક્ષણિક કાર્ય બંધ રહેશે ગુજરાત સરકારે નવરાત્રિ વેકેશનની જાહેરાત કરી

ગુજરાતની અનેક શિક્ષણ સંસ્થાઓ ૧૫ થી ૨૧ ઓક્ટો.નવરાત્રી પર્વની ઉજવણી નિમિત્તે વેકેશન માણશે.ગુજરાત સરકારે આ નિર્ણયની જાહેરાત કરી હતી.સરકારના આ નિર્ણયથી નવરાત્રિમાં ગરબે ઘુમતા બાળકોથી માંડીને મોટેરાઓ સુધીના તમામને આ વેકેશનનો લાભ મળશે.જો કે દિવાળીનું વેકેશન ટુંકાવીને નવરાત્રિનું વેકશન આપવામાં આવ્યું છે.જો નવરાત્રી વેકેશન પુરુ થતાની સાથેજ પરીક્ષાઓ શરુ થવાની છે તેથી ભણનારા વિદ્યાર્થીઓ માટે તકલીફો ઉઠાવવાની છે અને ગરબાની મઝા પણ માણવાની છે. ૨૦૧૯ની આવનારી ચુંટણીઓને ધ્યાનમાં લઇને આવા અનેક લાભાલાભો પ્રજાને ઉપલબ્ધ થશે.

# વિઝા પુરો થવા છતાં ૨૧,૦૦૦થી વધુ ભારતીયો અમેરિકામાં ગેરકાયદેસર રોકાણ કરી રહ્યા છે

વર્ષ ૨૦૧૭માં ૨૧,૦૦૦થી વધારે ભારતીયોના વિઝા પુરા થિ ગયા હોવા છતાં અમેરીકામાં ગેરકાયદે રોકાયા છે.અમેરિકાએ તાજેતરમાં જાહેર કરેલા હેવાલો મુજબ ગેરકાયદે રોકાણ કરવામાં ટોપટેનમાં ભારતીયોનો ક્રમ આવે છે.અમેરિકાના હોમલેન્ડ સિક્યોરીટી વિભાગે તૈયાર કરેલા વાર્ષિક અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૭માં ૧૦.૭ લાખથી વધારે ભારતીયોએ અમેરિકાની મુલાકાત લીધી હતી.આ ભારતીયો બી.૧,બી.૨ વિઝા પર અમેરિકાની મુલાકાતે આવ્યા હતા.જેમનો હેતુ હરવાફરવાનો હતો તેમજ વેપાર કરવાનો હતો.જેમાંથી ૧૪,૨૦૪ ભારતીયો અમેરિકામાં રોકાઇ ગયા હતા.કુલ ૧૨,૪૯૮ ભારતીયો એવા છે જેનો કોઇ રેકોર્ડ નથી. આ તમામ ભારતીયો ગેરકાયદે અમેરિકામાં રોકાયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૬માં ૧૦ લાખ ભારતીયોએ અમેરિકાની મુલાકાત લીધી હતી જેમાંથી ૧૭,૭૬૩ ભારતીયો ત્યાં રોકાઇ ગયા હતા.સિક્યોરીટીના દાવા પ્રમાણે ૧૫૬,૭૨૩ ભારતીયોએ અહીં ગેરકાયદે રોકાણ કર્યુ હતું.જો કે અમેરીકી સરકાર આ બાબતે થોડી વધુ ગંભીરતાથી પગલાં ભરે તો મોટી સંખ્યામાં ગેરકાયદે અમેરીકામાં વસી ગયેલા લોકોને પોતાના દેશમાં પાછા ફરવું પડે તેમ છે. જેમાં મોટો સમુહ ભારતીયોનો પણ હોઇ શકે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.